સચિત્ર ગુજરાતી વાર્તા સાહિત્ય

ॐ

[illegible]

શ્રી [illegible] વાર્તામાળા.

[illegible]

[illegible] સુરત.

છઠ્ઠું પુષ્પ.

આ પુષ્પના છેલ્લા પૃષ્ઠ ઉપર જણાવેલા એજન્ટો અને ૧૦૦ પૃષ્ઠના મફત વાંચન તરફ લક્ષ ખેંચીએ છીએ.

ચંપકલાલ ગીરધરલાલ જરીવાલાએ સુરત, બેગમપુરામાંથા પ્રસિદ્ધ કર્યું અને—**સુરત.** ખપાટીઆચકલા, તાસવાળાની પોળ. લક્ષ્મી નારાયણની વાડીમાં આવેલા "**જૈન વિજય**" પ્રિન્ટીંગ પ્રેસમાં **મુલચંદ કસનદાસ** કાપડિયાએ છાપ્યું.

પુષ્પહાર.

છઠ્ઠું] [પુષ્પ.

નિવેદન.

સાહિત્ય વિલાસી સુજ્ઞ બંધુ!

શ્રી પ્રભુ કૃપાથી આજરોજ "પુષ્પહાર" નું છઠ્ઠું પુષ્પ વિકાસ પામ્યું છે. ગત પુષ્પમાં અમે દરેક બંધુને ગ્રાહકો વધારવા ખાસ પ્રાર્થના કરી હતી પણ તે પ્રત્યે માત્ર થોડાક સિવાયના બીજા બધા ગ્રાહકોએ દુર્લક્ષ કર્યું છે. બંધુ! ઝાડને પાણી પાયા વિના તે શી રીતે ફુલ અને ફળ આપી શકે? "પુષ્પહાર"ના પુષ્પમાં મધુરતા લાવવા માટે આપના આશ્રયરૂપી જળ સીંચનની ખાસ જરૂર છે. આપનું જોઈને અમારા અન્ય ગ્રાહક બંધુઓ પણ પોતાની ફરજ સમજશે. માટે આપનાથી બનતી મદદ જરૂર કરશો. આપ આપના મિત્રમંડળ માં માળાના પ્રથમ પુષ્પો બતાવશો તો તેઓ આટલા સસ્તા મૂલ્યની માળા જરૂર ખરીદશેજ. માત્ર એક નજીવા યત્નથી આપ કાર્યાલયનું

મોટું હિત સાધી શકશો તો તેવો યત્ન કરવા જરૂર આપ કૃપા કરશોજ અને આપનો ગુર્જર સાહિત્ય પ્રત્યેનો પ્રેમ બતાવશોજ એવી દૃઢ આશા છે. અત્યાર સુધીમાં જે બંધુઓએ ગ્રાહક વધાર્યા છે તેમને પણ વિનંતિ છે કે તેમનો યત્ન ચાલુ રાખવો હવે પછીના પુષ્પમાં કાર્યાલયને મદદ કરનારા શુભેચ્છકોના નામ છપાશે.

કાર્યાલયની બન્ને માળાઓની સંપૂર્ણ વિગત દર્શાવનારા હેંડબીલો તય્યાર થયા છે તે મંગાવી આપના મિત્રમંડળમાં ફેલાવી અમને આભારી કરશો. "**સરસ્વતી વાર્તામાળા**" ના ભેટના પુસ્તક "**શિર હિન શબની**" ની ઘણીજ થોડી કોપી સીલકમાં છે માટે ગ્રાહક થવા માટે સાથેનું કાર્ડ તુરતજ ભરી મોકલશો. હવે પછી એ માળાના કાર્ડો વહેંચાશે નહિ. ૨૭૫ પૃષ્ઠનું, બાર આનાની કીમતનું એ પુસ્તક ઉંચા ગ્લેઝડ કાગળો પર ઘણીજ સફાઈથી છાપવામાં આવ્યું છે. એ માળાના અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર બંધુઓના નામ હવે પછીના પુષ્પહારના પુષ્પમાં છપાશે. "સરસ્વતી" માળાનું પ્રથમ પુષ્પ તય્યાર થાય છે તેથી કદાચ "પુષ્પહાર"ના હવેના હવેના પુષ્પને વિલંબ થાય તો તે માટે ક્ષમા કરવી. ધ્યાનમાં રાખશો કે 'પુષ્પહાર'ને ગ્રાહકોની પુરતી મદદ મળતી રહેશે તો તે યથાસમય પ્રગટ થશેજ. દરેક પત્રવ્યવહાર વખતે કૃપા કરી રીપ્લાઇ કાર્ડ અથવા ટીકીટ બીડવી નહિ તો જવાબ આપી શકાશે નહિ. છેવટે કાર્યાલયની માળાઓ તરફ કૃપા દ્રષ્ટી કરવાની એક વિનંતી કરી વિરમીશું.

લી. કૃપાકાંક્ષી,

પ્રયોજક.

"ઘોર પ્રાયશ્ચિત."

(લેખક—ચંપકલાલ ગીરધરલાલ જરીવાલા—સુરત.)

આગ્રા શહેરના એક ભવ્ય મહેલના એક ઓરડા આગળ શાહજાદી ગુલનારની આજ્ઞાથી એક દાસી ઉભી રહી હતી. ક્ષણ પછી ધીમેથી દ્વાર ખોલી તેણે અંદર જોયું. ઓરડામાં એક તરૂણ, રજપૂત પોશાક ધારણ કરી પડેલો હતો. તે તરૂણની ચિંતામગ્ન સૌમ્યમૂર્તિ તરફ તેણે થોડો વખત જોયા કર્યું. પછી ધીમેથી બોલી–મહારાજ,

તે તરૂણની તેના તરફ દ્રષ્ટિ નહોતી. તેની બૂમ સાંભળતાંજ તે ચમકીને બેઠો થયો. દાસીએ અંદર આવી નમ્રપણે સલામ કરી કહ્યું–"મહારાજ, શાહજાદી ગુલનારની હું દાસી છું અને તેનાજ હુકમથી અત્રે આવી છું."

"તમારે જે કહેવું હોય તે કહો" રજપૂતે જવાબ આપ્યો.

"સાંભળો. એક દિવસ રાત્રે રજપૂત અને મોગલ સૈન્ય વચ્ચે યુદ્ધ થયું. રજપૂત સૈન્યે બહાદુરીથી મોગલ સૈન્યનો પરાજય કર્યો અને મોગલોની સંપતી લુંટી તે વખતે બાદશાહી તંબુમાં આવી આપે રજપૂત સૈન્યને લુંટવાની મનાઈ કરી તે યાદ હશે. તે પછી આશરે એક વર્ષ ઉપર આરામબાગમાંથી હું અને શાહજાદી મહેલમાં આવતા હતા તે વખતે આપે અમારૂં એક ભયંકર વાઘથી રક્ષણ કર્યું હતું તે વખતે આપનો ઉપકાર માનવા અમે આપની ઘણી શોધ કરી

પણ આપ મળ્યા નહિ. આપને શા માટે કેદ કરવામાં આવ્યાં છે તે જાણોછ? કાલે સંધ્યાકાળે આપને રાજમાર્ગે ઉપર જતાં અમે જોયાં—

"તે કેદ કરીને ઉપકારનો બદલો વાળતા હશો કેમ? શાબાશ કૃતજ્ઞતા બતાવવાનો એ ઉત્તમ માર્ગ છે."

"આપ બંદીવાન નથી. રાજ્યના અતિથી છો,"

"રાજ્યના અતિથીઓને આ કેદખાનામાં રાખવામાં આવતા હશે."

"નહિ. નહિ. શાહજાદી પર આપે જે ઉપકાર કર્યો છે તેનો સંપૂર્ણ બદલો વાળી શકાય તેમ નથી. તોપણ તે આપને કંઈક બક્ષીસ આપવા માગે છે."

"મને બદલાની જરૂર નથી. અપરાધ કર્યા શિવાય હું કેદ થયો છું તેમાંથી છોડવે તો તેજ મોટી બક્ષીસ."

"આપ રજપૂત છો?"

"હા." તેની કમરપરની તરવારમાં સ્હેજ ઝાગઝગાટ થયો.

"આપનું નામ? જો હરકત ન હોય તો"---

"કૃષ્ણસિંહ રાઠોડ."

"ઠીક. આપ શાહજાદીના અતિથી છો અને આપનું આતિથ્ય કરવા તે જાતેજ આવશે."

"શાહજાદીનો મારા પર મોટો ઉપકાર."

(૨)

"ઉપકાર! ઉપકાર શાનો? એ ઉપકાર નથી. એતો આપે કરેલ ઉપકારનો માત્ર નાનો બદલો છે" એવો એક મંજુલ સ્વર સંભળાયો. અમે આશ્ચર્યચકીત થયા સ્હેજવારમાં પાસેનું બારણું ખુલ્યું અને શમાદ

ઔરંગઝેબની બ્હેન ગુલનારે ત્યાં પ્રવેશ કર્યો. તેના અનુપમ સૌંદર્ય તરફ કૃષ્ણુસિંહે એક ક્ષણ જોયું પછી તેણે માથું નમાવ્યું. શાહજાદીની ઇસારતથી દાસી બહાર ચાલી ગઇ. દાસીના ગયા પછી શાહજાદીએ આગળ આવી કૃષ્ણુસીંહના પગ આગળ બેસી તેનો હાથ પકડ્યો. કૃષ્ણુસિંહના શરીરને કંપ થયો. તેણે હાથ છોડવી પૂછ્યું " શાહજાદી આ શું ? " " કૃષ્ણુસિંહ તમને આશ્ચર્ય લાગે છે ! આજ એક વર્ષથી તમારી મોહકમૂર્તિનું હું સ્મરણ કરૂં છું. એક ક્ષણ પણ તમને ભૂલી શકતી નથી. આટલો બધો વખત નિરાશામાં મેં કેવી દારૂણ યાતના ભોગવી છે તે મારૂં મનજ જાણે છે. શું તમને હિંદુસ્તાનના બાદશાહ ઔરંગઝેબની બ્હેન તમારી પાસે પ્રેમભીક્ષા માગે છે તેથી આશ્ચર્ય થાય છે ? "

ભયચકીત નેત્રે કૃષ્ણુસિંહ ગુલનાર તરફ જોઇ રહ્યો. તેના મોંમાથી એક અક્ષર પણ નીકળ્યો નહિ. શાહજાદી ગુલનાર ફરી બોલી " પહેલી વખતે અમારા તંબુમાં લુંટ ચાલતી અટકાવી તે વખતે અમે આપના ઉદાર અંતઃકરણનીજ પ્રશંશા કરી. પણ હું તમારા શત્રુની બ્હેન છું એમ જાણવા છતા તમે મારૂં પ્રાણુરક્ષણ કર્યું તે વખતથી હું આપની વીરમૂર્તિને મારા હૃદયમાં સ્થાપન કરી તેની પુજા કરૂં છું. કૃષ્ણુસિંહ—હૃદયેશ્વર કહો મને આપની દાસી કરશો કે નહિ ? " કૃષ્ણુસિંહ બહાર ચાલ્યા જવાની ઇચ્છાથી બારણા આગળ ગયો. તે બંધ હતું. હતાશ થઇ તે એક ખુરશી પર બેઠો.

(૩)

" ત્યારે મારી વિનંતિનો શું જવાબ ? "

" માફ કરો શાહજાદી તે અશક્ય છે. "

"કૃષ્ણસિંહ વિચાર કરો હું શાહજાદી ગુલનાર જેની આગળ હજારો ભિક્ષુકો ભીક્ષાની આશાથી ઉભા રહે છે તે આજ તમારી દાસી થવા ચાહે છે."

"શાહજાદી હું એક ગરીબ રજપૂત છું. આપનું પ્રાણરક્ષણ કરી મેં મારી ફરજ બજાવી છે. તે કાર્ય બદલાની ઇચ્છાથી નથી કર્યું. દિલ્હીશ્વરની ભારતસમ્રાટની બ્હેનના પ્રેમનું પાત્ર થવાની મારામાં યોગ્યતા નથી. આપ જો ઉપકારનો બદલો વાળવા ચહાતા હોવ તો મને સુરક્ષિતપણે અહીંથી જવાદો. મને બીજી ઇચ્છા નથી."

"કૃષ્ણસિંહ શું તમને ભય લાગે છે? આપણા પ્રેમની વાત કોઇ જાણનાર નથી. અને જાણશે તો અન્તઃપુરમાં શાહજાદી ગુલનારની સત્તા કંઇ કમ નથી કૃષ્ણસિંહ મારો પ્રેમ કબુલ કરો."

"શાહજાદી હું તમને વિનંતિ કરૂંછું કે આ પાપની ઇચ્છાનો તમે ત્યાગ કરો. હું રજપુત છું. તમારી આ ઇચ્છા હું કદી કબુલ કરૂં તેમ નથી."

"કૃષ્ણસિંહ શું હજી ના કબુલ? મારી ઇચ્છાનો અનાદર કરી તેં મૃત્યુને તારી પાસે બોલાવ્યું છે. મારી આજ્ઞાજ બસ થશે. મારો સ્વીકાર કરી જન્મભર સુખનો ઉપભોગ કર અથવા મૃત્યુને પાસે બોલાવ."

કૃષ્ણસિંહ ગર્વથી બોલ્યો "મૃત્યુથી બ્હીને રજપૂત બચ્ચો કદી ધર્મ ત્યાગ કરવાનો નથી. મને પ્રાણની બીલકુલ પરવા નથી. શાહજાદી માફ કરો. જીવનની આશા આપી મને પાપમાર્ગે તરફ દોરવશો નહિ."

"આ શબ્દો સાવધપણામાં બોલાય છે કે ?"

'સંપૂર્ણ સાવધપણામાં હવે વધુ શા માટે ? શાહજાદી પધારો.'

'કૃષ્ણસિંહ અવિચાર કરો નહિ.'

'સ્વેચ્છાચારીણી શાહજાદી તમારૂં મોઢું જોવામાંજ મોટું પાપ છે.'

શાહજાદી ક્રોધથી બોલી 'એટલું અભિમાન ? એનુ પ્રાયશ્ચિત તને જલદીજ મળશે. હવે મારા હૃદયમાં તારે માટે પ્રેમને બદલે દ્વેષ રહેશે. તું મારો પ્રાણદાતા છે એમ યાદ કરવાથી પણ મને તારી તરફ દયા આવશે નહિ. તને જીવતો કબરમાં પુરીશ.' એટલું બોલી શાહજાદી ત્યાંથી ચાલી ગઇ. કૃષ્ણસિંહે તેના ગયા પછી કમર પર હાથ મૂક્યો તો તેની તરવાર ત્યાં નહોતી. પોતે બરોબર કેદીજ થયો હતો તેની હવે તેને ખાત્રી થઇ. રહેજવાર પછી પેલી દાસી પાછી આવી. કૃષ્ણસિંહની ગુમ થયલી તરવાર તેની પાસે હતી ને ઝુટવી લઇ તેણે પોતાની કમરે લટકાવી. દાસી શાંતીથી બોલી 'કૃષ્ણસિંહ'–

'જા અહીંથી ચાલી જા અને તારી દુષ્ટ શાહજાદીને કહે કે તેને જોઇએ તે શીક્ષા મને કરે પણ આવી રીતે સતાવે નહિ.'

'શાહજાદીએ આપને ઠાર કરવાનો હુકમ કર્યો છે. આપ તૈયાર છો ?'

'રજપૂત મરણને માટે હંમેશાજ તૈયાર હોય છે.'

'શું આપ મરણને માટે તૈયાર છો ? મનમાં જીવનને માટે કંઇ ઇચ્છા થતી નથી. આ સુંદર પૃથ્વી, આપના પર પ્રેમ રાખનાર માણસો એ સર્વેને છોડી જતાં કંઇ કષ્ટ થતું નથી. ખરૂં કહો કૃષ્ણસિંહ ખરૂં કહો !'

'નહિ. જરાપણ નહિ' તિરસ્કારથી કૃષ્ણસિંહ બોલ્યો.

'જુઓ. હું તમારો છુટકો કરૂં છું. કહો, તમારી ઇચ્છા છે ?'

'નહિ. મારે મરવુંજ છે.'

'શું મરવુંજ છે ? આપને જીવીને કંઇ કર્તવ્ય કરવાનું નથી ? રજપુતાનાની આવી દુર્દશા છતાં આપના સરખા વીરોને પ્રાણની કંઇ પરવાજ નથી. કૃષ્ણસિંહ હું શાહજાદાની સખી છું. વિચાર કરો. પ્રેમથી ગાંડી બની ગયલી એક સ્ત્રીના શબ્દો ઉપર સ્વધર્મનો, રજપુતાનાના અત્યંત કિમતી પ્રાણનો આપ ત્યાગ કરવા ચાહો છો ? કૃષ્ણસિંહ વિસ્મય પામ્યો. ખરેખર હવેજ તેને લાગ્યું કે શાહજાદીની સખી ખરૂંજ કહેતી હતી. તે બોલ્યો ' પણ મારા છુટકાથી તમને શો લાભ ?

'કંઇજ નહિ.'

'મારો છુટકો કર્યા પછી તમે સંકટમાં નહિ આવી પડો ?'

'કદાચ પડીશ. પણ મને તેની બીક નથી. આપ અહીંથી છુટીને સ્વદેશ સુખરૂપ પહોંચશો તો કંઇપણ દુઃખ હું ખુશીથી વેઠીશ.'

'પણ મારે માટે તમે શા માટે સંકટમાં પડવા તૈયાર થયા છો તે સમજાણું પડતી નથી. તમને શો સ્વાર્થ છે ?' દાસી હસીને બોલી 'મારા હાથથી એક મોટું પાપ થયું છે. મારા પુરોહીતે કહ્યું હતું કે લાગ મળતા તારે એ પાપનું પ્રાયશ્ચિત કરવું. તે પ્રાયશ્ચીત કરવાની આ તક છે એમ મને લાગે છે. હવે પછી આવી તક મળનાર નથી અને મારા પાપનું પાયશ્ચિત થનાર નથી.

કૃષ્ણસિંહ બોલ્યો ' ઠીક છે ત્યારે હું અહીંથી જઇશ. પણ તમે કબુલ કરો કે તમારા પર જ્યારે કંઇપણ સંકટ આવી પડે ત્યારે મને ખબર આપવી. આ મારી વીંટી લ્યો એટલે મને મળવા તમને કોઇ રોકશે નહિ.'

'આપ ક્યાં મળશો ?'

'આરામ બાગની પશ્ચિમ દિશાએ- યશવંતસિંહના સૈન્યની છાવણીમાં મારી શોધ કરજો. ખરેખર તમે કરૂણાની મૂર્તિ છો. તમારૂં નામ શું ?'

'મારૂં નામ કરૂણા છે. પણ અહીં સર્વે મુન્ના નામથી ઓળખે છે. ઠીક હવે આપ જાવ બહાર એક ચપળ ઘોડો તૈયાર છે. હં, એક વાત રહી ગઈ. રજપૂત જે મુસલમાનના સહવાસમાંજ રહે તેને શું પાયશ્ચિત કરવું જોઇએ ?'

'મૃત્યુ.'

'ઠીક. ચલો બહાર' કૃષ્ણસિંહ તેની પાછળ ગયા.

(૪)

'શાહજાદી કૃષ્ણસિંહ જેલમાં નથી' વાર્તેર પહેરેગીરે ગભરાટમાં શાહજાદીને કહ્યું.

'શું કહે છે ? મને ભયંકર અપમાન કરી ચાલ્યો ગયો.' શાહજાદી અત્યંત ક્રોધથી બોલી. તરતજ હુશિયાર જાસુસોને કૃષ્ણસિંહને જીવતો અથવા મુએલો પકડી લાવવાને રવાને કરવામાં આવ્યાં. જાસુસોને રવાને કરી શાહજાદીએ કરૂણાવતીને બોલાવી. શાહજાદીનું ઉગ્ર સ્વરૂપ જોઈ કરૂણાનું હૃદય ધડક્યું. શાહજાદીનું જે જનાનખાનામાં કોઈ કૃપાપાત્ર હોય તો માત્ર કરૂણાવતીજ હતી. કરૂણા ઉપર શાહજાદીનો અત્યંત પ્રેમ હતો. તેજ તેની સખી, સહચરી હતી. કરૂણાને પાસે બેસાડી શાહજાદીએ કહ્યું " કરૂણા, કંઈ ગાયન ગા. "

સારંગી લઈ કરૂણાવતીએ તાર ઉપર આંગળી ફેરવવા માંડી પણ સુર મળ્યા નહિ. તેણે સારંગી આઘી મૂકી અને મોંથીજ ગાવા માંડયું.

મેરે કૃષ્ણ કનૈયા દર્શ દીખા દો
તુમ બીન જીયા ગભરાવત હય.

કરૂણાવતીનો કંઠ ભરાઇ આવ્યો તેનાથી આગળ ગવાયું નહિ. શાહજાદી ક્રોધથી બોલી 'જા ચાલી જા.' કરૂણાવતી બહાર ગઇ. સ્હેજવાર પછી દૂતોએ આવી જણાવ્યુ કે કેદીનો પત્તો લાગતો નથી. શાહજાદીએ અગાઉ કરતા ઇનામની રકમ ચારગણી વધારી કહયુ' 'તેને જીવતો અથવ મુવેલો પકડી લાવો.' કરૂણાવતીએ શાહજાદીનો આ ક્રૂર હુકમ સાંભળ્યો. તે શાહજાદીના ઓરડામાં પાછી આવી. શાહજાદી સુરાપાનથી બેહોશ થઇ એટલુંજ બોલતી હતી 'બસ એ રજપૂતને મુએલો અથવા જીવતો પકડી લાવો. ચારગણું ઇનામ આપીશ. કંઇકવાર વીચાર કરીને કરૂણાવતીએ એક નાનુ પોટલું હાથમાં લીધુ અને મહેલની બહાર નીકળી. પહેરેગીરે પુછ્યું 'કયાં જાવ છો'!

'શહેર બહાર મ્હારા સ્વામી મરણ પથારીપર પડ્યા છે ત્યાં.'

'પોટલામાં શું છે?'

'ખાવાની ચીજો' એટલું કહી કરૂણાવતી દૂર નીકળી ગઇ. આજુબાજુ કોઇ નથી એવી ખાત્રી કરીને તેણે પોટલી છોડી તેમાંનાં કપડા પહેરી પોતાનો વેશ બદલ્યો.

પોતાના નાના તંબુમાં કૃષ્ણસીંહ ઉંઘતો હતો. બાજુપર એક દીવો ધીમે ધીમે બળતો હતો. એટલામાં પુરૂષ વેષ પરિધાન કરેલ એક સ્ત્રીએ ત્યાં પ્રવેશ કર્યો, તેના ચ્હેરાપર દુઃખ અને નિરાશાની છાયા છવાઇ રહી હતી. સૂક્ષ્મદ્રષ્ટીથી આજુબાજુ જોઇ તે કૃષ્ણસીંહના બીછાના પાસે આવી ઉભી રહી. એક ક્ષણ અનિમિષ નેત્રે તેના વદન જોઇ તેણે નિસાસો મુકયો. પછી વાંકી વળી તેણે કૃષ્ણસીંહને પ્રેમથી એક ચુંબન કર્યું. પછી કૃષ્ણસીંહ સુતી વખતે બાજુ,

પર મૂકેલો પોશાક પહેર્યો તથા તેની તરવાર કમરપર લટકાવી. ફરીથી એક પ્રેમભર્યું ચુંબન કરી તેના તરફ પ્રેમમય દ્રષ્ટીથી જોતી જોતી તેબહાર ચાલી ગઈ.

જે પહેરેગીરે કરૂણાવતીને જનાનખાનાની બહાર જવા દીધી હતી તેણે તેની પાછળ એક માણસ મોકલ્યો હતો. તેણે કરૂણાવતીને કૃષ્ણસીંહના તંબુમાં દાખલ થતી જોઈ ત્યારપછી કૃષ્ણસીંહને બહાર નીકળતા જોયો. તરતજ તેણે શાહજાદીના દુતોને તે બાબતની ખબર આપી. સર્વ દુતોએ યમુનાતીરપર બેઠેલા કૃષ્ણસીંહને કેદ કર્યો. તેને નામ પુછતાં તેણે પણ પોતાનું નામ "સેનાપતિ કૃષ્ણસીંહ" જણાવ્યું એટલે હવે જરાએ શંશય રહ્યો નહોતો. શાહજાદી ગુલનારને આ સર્વ ખબર આપવામાં આવી અને જણાવવામાં આવ્યું કે તે હજી પણ શાહજાદીની વિનંતિને ઠોકર મારે છે.

ગુલનાર ક્રોધથી બોલી " સવારના પ્હોરમાં તે દુષ્ટને સ્મશાનમાં અર્ધું શરીર દાટી શીકારી કુત્રાઓ પાસે ફડાવી ખવડાવજો."

કેદીને આ હુકમ સંભળાવવામાં આવ્યો તેણે તે પ્રત્યે બેદરકારી બતાવી. કહ્યું

" કદી આજે કદી કાલે કદી માસે કે છમાસે,
કદી દસ બાર વર્ષે પણ બધાની એ દશા થાશે.
નથી બ્હીતો જરાએ હું ભયંકર મૃત્યુથી મરવા,
કદી જો ટેક હોએ તો પછી શી પ્રાણની પરવા ? "

ઉષ:કાળનો સમય હતો. રજપૂત છાવણીમાં મોટી ગડબડ થઈ રહી હતી. સેનાપતિ કૃષ્ણસીંહને મોગલ સીપાઈઓએ કેદ કર્યો છે એવી ખબર સઘળે ફેલાઈ હતી. મુખ્ય સેનાપતિએ કૃષ્ણસીંહના તંબુમાં

જઈ તપાસ કરી તો જણાયું કે તે સ્વસ્થ રીતે ઉંઘતો હતો. સૈન્યની ગડબડથી કૃષ્ણસીંહ જાગી ઉઠયો. તેને પણ તે વિલક્ષણ ખબર પડી. આજુબાજુ જોતો પોતાનો પોશાક તરવાર તથા હાથ પરની પહોંચી સર્વ ગુમ થયલું જણાયું ખરી હકીકતની તપાસ કરવા તે શહેર તરફ ગયો ત્યા તેને માલુમ પડયું કે કૃષ્ણસીંહને અત્યારમાં પ્રાણદંડનો હુકમ થયો છે. હવે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તરતજ તે સ્મશાન ભણી દોડયો. એક વ્યક્તીને ત્યાં છાતી સુધી જમીનમાં દાટી હતી તથા બે ભયંકર કુત્રાઓ તેના શરીરમાંથી માંસના લોચા ખેંચી કાઢતા હતા. અહા ! કેવો ભયંકર દેખાવ !

કૃષ્ણસીંહ પાસે ગયો. " અરે પ્રભુ ! આ તો કરૂણા. "

તેને જોતાજ કરૂણાના ચ્હેરાપર આનંદની છટા દેખાવા લાગી કરૂણ દ્રષ્ટીથી કૃષ્ણસીંહ તરફ જોઇ તેણે આંખો મીંચી. પાસે એક આસન. પર શાહજાદી બેઠી હતી ને બોલી " કૃષ્ણસીંહ તો આ ઉભો. તરતજ પહેરેગીરોએ કૃષ્ણસીંહને પકડયો. તિરસ્કારથી કૃષ્ણસીંહ બોલ્યો ચંડાળણી. તેં કોનો વધ કર્યો. ત્હારીજ સખીનો ? ધીક્કાર છે. "

" મારી સખી ? કોણ ? કરૂણા ? હાય !

પુનઃ એક વાર કરૂણાની આંખો ખુલી. કરૂણા, કરૂણા આ કોને માટે ? શું મારે માટે આ ઘોર પ્રાયશ્ચિત કર્યું ?

કરૂણાએ એક છેલ્લું સ્મીત કર્યું તેનો ચૈતન્યહીન દેહ નીચે પડયો. શાહજાદી કપાળપર જોરથી હાથ ઠોકી બોલી " છોડી દો. કૃષ્ણસીંહને છોડી દો. મારા પાપનું પ્રાયશ્ચિત મળી ગયું. "

સત્કાર.

અમારી સીરીઝના બદલામાં રીવ્યુ માટે નીચેના માસિકો વગેરે મળ્યા છે તે માટે તેમના અધિપતિ અને પ્રકાશકોનો આભાર માનીએ છીએ.

(૧) "ડહાપણ"--વર્ષ બીજુ અંક-૧-૨-૩-૪. આ માસિકમાં બોધદાયક વિષયો વાર્તાઓ, કાવ્યો વગેરે આવે છે. વાર્ષિક મુલ્ય રૂા. ૧-૦-૦. જામનગર-કાઠીયાવાડ.

(૨) અદીન—નવસારી તાબે ડાભેલ ગામમાંથી આ માસિક પ્રગટ થાય છે. ધાર્મિક મુસલમાનોના વિષયો સારી રીતે ચર્ચાય છે. લવાજમ રૂા. ૨-૦-૦ કંઇક વધુ પડતા છે.

(૩) દશા શ્રીમાળી હિતેચ્છુ—પ્રકાશક, મોહનલાલ નાગજી ચીનાઇ મુ૦ ધોરાજી-(કાઠીયાવાડ). લવાજમ રૂા. સવા પોસ્ટેજ સાથે. દશા શ્રીમાળી વણીક જ્ઞાતીની ઉન્નતિ અર્થે પ્રગટ થાય છે. લેખો વાંચવા લાયક છે. દરેક વર્ગને ઉપયોગી વિષયો આવે છે. અમે આ માસીકનો વિજય ઇચ્છીએ છીએ.

(૪) અલૌકીક ચમત્કાર અને બે બાપનો બેટો. પ્રકાશક— મણીલાલ ઉ. પંડ્યા ૧૫૧૭, બ્રોડવે મદ્રાસ પ્રભુભક્તિનો સારો ચમત્કાર પુસ્તકમાં દેખાય છે. જો કે વસ્તુ કલ્પીત છે. ૫૪ પૃષ્ટના નાનકડા પુસ્તકની કીમ્મત આઠ આના બહુજ ભારી છે.

જાણો છો ?

કે,

આ આશ્રમમાં હિંદુ જાતીનાં ૧૦૦ અનાથ બાળકો
અને અશકતો હિંદુ વર્ણવ્યવસ્થા પ્રમાણે
પળાતાં હોવાથી આર્થીક સહાયની
ઘણીજ જરૂર છે.

રૂા. ૨૦૦) અન્નદાન ખાતે આપી દર વરસે એક દીવસ અનાથોને જમાડો, અને નામની તખતી ચોડાવી અમર નામ કરો.

રૂા. ૨૫) ગૈ દાન ખાતે આપી અનાથોને દુધ પાઓ અને બોર્ડપર નામ લખાવી યાદગીરી રખાવો.

દરેક જાતનાં દાન લેવાય છે, દરેક વસ્તુના દાનની જરૂર છે. દરેક દાનની પાવતી મળે છે. એક રૂપીઓ અને તેથી વધારે આપનારનાં નામ અઠવાડીક પેપરમાં તથા વાર્ષીક રીપોર્ટમાં પ્રસિદ્ધ થાય છે

દાન મોકલી રીપોર્ટ મંગાવવા લખોઃ—

મંત્રી—હિન્દુ અનાથાશ્રમ—

નડીઆદ.

હિન્દીઓ અને ફિજી બેટ.

આપણા ગરીબ દેશના ભૂખે ટળવળતા ધંધાથી બેકાર થઈ પડેલા ઘણા ભાઇઓ ઉદર નિર્વાહને માટે દૂર દેશોમાં જાય છે, તેમાં ફિજી બેટમાં વસનારા આપણા ભાઈઓ ઉપર કેવો અત્યાચાર અને ત્રાસદાયક જુલમ ગુજારવામાં આવે છે તેનો આબેહુબ અને રોમાંચ ખડાં કરે તેવો ચિતાર ઉક્ત પુસ્તકમાં આલેખવામાં આવ્યો છે. આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો પ્રાધાન હેતુ આપણા દેશના અજ્ઞાન બન્ધુઓ પર-દેશના દુઃખના પંજામાં સપડાતા બચે તેજ છે. આવી લાગણીને દુઃખાવે તેવા પુસ્તકની લાંબી લાંબી જાહેરાતો આપવાની જરૂર નથી. **દેશના અજ્ઞાન ભાઇઓની થોડે ઘણે અંશે સેવા કરવી હોય તો** આ પુસ્તક વાંચવા અમે નમ્ર ભલામણ કરીએ છીએ. કિંમત રૂા. ૦–૬–૦ વી. પી. પોસ્ટેજ ખર્ચ જુદું. પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

"પટેલ બન્ધુ" ઓફીસ, પારસી શેરી, **સુરત.**

મેસર્સ અમીન એન્ડ કંપની, સિનોર.

"વિવેચક" ઓફીસ, લાછરસ. (નાંદોદ).

કુબેરભાઈ ઝવેરભાઈ પટેલ, કલ્યાણ બીલ્ડીંગ,

ગીરગામ. મુંબઇ. પોસ્ટ નં૦ ૪.

પુષ્પહારના એજન્ટો:—

[૧] હીમતલાલ ચુનીલાલ શાહ.

૧૧૮૮, લાલવાસા સ્ટ્રીટ—અમદાવાદ.

[૨] હરીલાલ મંગળદાસ મહેતા.

બ્રહ્મપોળમાં—સાણંદ.

દરેક સ્થળે એજન્ટ જોઈએ છે. કમીશન વગેરે માટે મેનેજર સાથે પત્રવ્યવહાર કરવો. હવેથી અમારા અમદાવાદ અને સાણંદના ગ્રાહકોને પુષ્પો એજન્ટ મારફત મળશે.

મફત! સો પૃષ્ઠનું વાંચન! મફત!

ચાલુ માસમાં પુષ્પહારના ત્રણ ગ્રાહકો વધારનારને સો પૃષ્ઠના વાંચનની બુકો મફત મળશે. એપ્રીલ પછી આ ભેટ મળશે નહિ.

લખો:— મેનેજર પુષ્પહાર.

બેગમપુરા—સુરત.

શ્રી સરસ્વતી પ્રીન્ટીંગ એજન્સી.

આ એજન્સીમાં તમામ જાતનું કામ જેવા કે કાર્ડ, કવર, કંકોત્રી, વીઝીટીંગ કાર્ડ, પુસ્તકો વગેરે ઘણુંજ સસ્તા ભાવે છપાવી આપવામાં આવે છે. એક વખત કામ પાડી ખાત્રી કરો.

શ્રી સરસ્વતી પ્રીન્ટીંગ એજન્સી.
બેગમપુરા—સુરત.

બાટલીવાલાની ક્વીનીનની ટેબ્લેટસ ૧ ગ્રેનની ૧૦૦ **બાટલીવાલાની** ક્વીનીનની ટેબ્લેટસ ૨ ગ્રેનની ૧૦૦ **બાટલીવાલાનું એગ્યુમીક્ષચર,** તાવ, મેલેરીયા વી૦ માટે. **બાટલીવાલાની ટોનીક પીલ્સ,** ફીક્કા ચેહરાવાળા અને નાતવાનો માટે. **બાટલીવાલાનો ટુથ પાઉડર** દાંતોની જાળવણી માટે. **બાટલીવાલાનો** દરાજ તથા ખીટ ફનચ માટે મલમ. દરેક દવા વેચનારને ત્યાંથી મળી શકશે. અથવા **ડાકટર એચ. એલ. બાટલીવાળા સન્સ એન્ડ કો૦ લી૦** ના૦ ૪૩૧ વરલી, દાદર મુંબઇ મધેથી મળી શકશે.

એક સાચી સલાહ!

એક સાચી સલાહ દરેકનું હંમેશાં કલ્યાણ કરનારજ થઇ પડે છે. આજકાલ ઘણા લોકો આંખનાં નીકટ દરદો માટે ઘેરઘેર સાચી દવા શોધવા ફરે છે. જો તમો તેમને **નટવરલાલ સુરમાવાળાનું** ઠેકાણું બતાવશો તો તમોએ એકનેક સલાહ આપેલીજ ગણાશે. અને તે સલાહથી તે દરદીનું પણ કલ્યાણ થશે કારણ કે કાંઇ પણ કીમત વગર આ સુરમાના નમુના કેવળ મફત આપવામાં આવે છે કે જેથી સચાઇની પુરેપુરી ખાત્રી કરી ફાયદા થયા પછીજ દરદી પૈસા ખર્ચે કરે. માત્ર દરદી પોતાનું શીરનામુંજ લખશે એટલે તેને ઘેર બેઠાં અમારે ખર્ચે પહોંચાડીશું. **નટવરલાલ સુરમાવાળા—નડીઆદ.**

હિન્દીઓ અને ફિજી બેટ.

આપણા ગરીબ દેશના ભૂખે ટળવળતા ધંધાથી બેકાર થઈ પડેલા ઘણા ભાઈઓ ઉદર નિર્વાહને માટે દૂર દેશોમાં જાય છે, તેમાં ફિજી બેટમાં વસનારા આપણા ભાઈઓ ઉપર કેવો અત્યાચાર અને ત્રાસદાયક જુલમ ગુજારવામાં આવે છે તેનો આબેહુબ અને રોમાંચ ખડાં કરે તેવો ચિતાર ઉક્ત પુસ્તકમાં આલેખવામાં આવ્યો છે. આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો પ્રાધાન હેતુ આપણા દેશના અજ્ઞાન બન્ધુઓ પરદેશના દુઃખના પંજામાં સપડાતા બચે તેજ છે. આવી લાગણીને દુઃખાવે તેવા પુસ્તકની લાંબી લાંબી જાહેરાતો આપવાની જરૂર નથી. **દેશના અજ્ઞાન ભાઇઓની થોડે ઘણે અંશે સેવા કરવી હોય તો** આ પુસ્તક વાંચવા અમે નમ્ર ભલામણ કરીએ છીએ. કિંમત રૂા. ૦-૬-૦ વી. પી. પોસ્ટેજ ખર્ચ જુદું. પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

"પટેલ બન્ધુ" ઓફીસ, પારસી શેરી, **સુરત.**

મેસર્સ અમીન એન્ડ કંપની, સિનોર.

"વિવેચક" ઓફીસ, લાછરસ. (નાંદોદ).

કુબેરભાઈ ઝવેરભાઈ પટેલ, કલ્યાણ બીલ્ડીંગ,

ગીરગામ. મુંબઇ. પોસ્ટ નં૦ ૪.

પુષ્પહારના એજન્ટો:—

[૧] હીમતલાલ ચુનીલાલ શાહ.

૧૧૮૮, લાલવાસા સ્ટ્રીટ—અમદાવાદ.

[૨] હરીલાલ મંગળદાસ મહેતા.

બ્રહ્મપોળમાં—સાણંદ

હરેક સ્થળે એજન્ટ જોઈએ છે. કમીશન વગેરે ... મેનેજર સાથે પત્રવ્યવહાર કરવો. હવેથી અમારા અમદ... અને સાણંદના ગ્રાહકોને પુષ્પો એજન્ટ મારફત મળશે ...

મફત! સો પૃષ્ટનું વાંચન! મફત

ચાલુ માસમાં પુષ્પહારના ત્રણ ગ્રાહકો વધારનારને ... પૃષ્ટના વાંચનની બુકો મફત મળશે. એપ્રીલ પછી ... ભેટ મળશે નહિ.

લખો:—મેનેજર પુષ્પહાર.

બેગમપુરા—સુર...

चारुतर- अमृतबिंदु.

(અસલ માલ સરકારી રજીસ્ટર્ડ નં. ૮૪૧-૧૦ વાળો
સઘળા પ્રકારનો શરીરનો દુખાવો, લકવા, સંધીવા, સુળ, ચુંક, ઉલટી, ઝાડા, મરડો, અરૂચી, અજીર્ણ, ખાંસી, દમ, સલેખમ, સરદી, માથાનો દુખાવો. દાંત કે દાઢનું કળતર, અવાળુનો દુખાવો, મોંમાંથી દુર્ગંધ છુટવી, મળચ આવવી, કાનનું પાકવું, પરૂ વહેવું, આંખો દુખવી, શરીરે સોજા આવવા, ઘા લાગવા, ઘસારા પડવા, પગમાં ચીરા પડવા, લોહીનું નીકળવું, ઘાનું પાકવું, ચાંભા ડવા, રાંઝણ, નાસુર, પીનસ. સુસ્તી, બેચેની, નબળાઇ, . ચરસ, પ્રમેહ, ચાંદી. વિસ્ફોટીક, અળાઇ, અંડવૃદ્ધિ, , કોઇપણ જાતનો તાવ, વાળો, ન્હારૂ, વિગેરે અનેક રોગ એજ દવાથી તત્કાલ દુર થાય છે, વળી બમરી, મધમાખ, વગેરેના ડંખ ઉપર આ એક જાદુઇ દવા છે. માંકડ, મચ્છર, ટેળીયા, કસારી, ઉધેઇ વિગેરે નુકશાનકારક જંતુનો નાશ છે.

દરેક સીસીના રૂા. ૨ા વી. પી. થી રૂા. ૨ાા. અગર સાથે રૂા. પાા આપીને બે સીસી " **ચારૂતરનું અમૃત-** " ખરીદ કરશો તો એક ગજવામાં રાખવાનું અસલ **રાસકોપ મનું ઘડીયાળ** બક્ષીસ આપીશું.

હાથે બાંધવાનું ઘડિયાળ **મફત** જોઇએ તો **અમૃતબિંદુના** ત્રીસી મંગાવવી, વી. પી. ખર્ચ સાથે રૂ. ૮ા ભરવા પડશે.

નામુ-અમૃતબિંદુ ઓફીસ-નડિયાદ (ગુજરાત)

—:અરજ કરવાથી મોટું કેટલોગ મફત મોકલીશું.:—

ચહેરા ઉપર [illegible] લાવવા માટે

બાદશાહી સાબુ

બાદશાહી સાબુ—[illegible]
બાદશાહી સાબુ—[illegible]
બાદશાહી સાબુ [illegible]
બાદશાહી સાબુ—[illegible]
બાદશાહી સાબુ—[illegible] છે.
બાદશાહી સાબુ—[illegible]
બાદશાહી સાબુ—[illegible]
બાદશાહી સાબુ—[illegible]
[illegible]

[illegible] કિંમત [illegible] રૂ. ૦. [illegible]

[illegible]

[illegible]

મળવાનું ઠેકાણું—ધી. સી. બાદશાહ એન્ડ કુંપની.

[illegible]—મુંબઈ